સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

લોકો માટે બંધાઈ લોકમાતા, શસ્ત્ર બની રડે છે!
કાંત છે કરૂણા, માનવતા નિર્દય થઈ નડે છે!
ચડે છે યુદ્ધે રાષ્ટ્રો પાણીને જ હથિયાર બનાવી -
બાંધ્યા બંધ સંબંધો માટે હવે એનાથી જ લડે છે!
(નદીઓના પાણી અટકાવવાનું કૃત્ય)

હાઈકુ

લ્યો! સંગઠને -
સત્તાનો કાલીનાગ,
નાથ્યો બંધને...
(પ્રમુખશ્રીની ભીંસ)

ખૂલી ગૈ પોલ,
લોલીપોપ જાદુની -
ભાંગી ભ્રમણા...
(પાટીદારોને બનાવ્યા!)

ચિંતન

વ્યાકુલો અપિ વિપત્યાતૈઃ સ્મરેવિષ્ણું સદા હૃદિ ।
શરતલ્પગતો ભીષ્મઃ સસ્માર ગરુડધ્વજનમ્ ॥

માણસ પર જયારે આપત્તિ-વિપત્તિ આવે છે ત્યારે આકુળ-વ્યાકુળ તો સૌ થઈ જાય છે આવી પરિસ્થિતિમાં ઘણા લોકો ભગવાનને ભૂલી જાય છે એટલું જ નહીં પણ 'નાસ્તિકતા' ના વિચાર પણ આવે છે અને ભગવાનના અસ્તિત્વ બાબત પણ શંકા ઉઠાવતા થાય છે.

ભીષ્મ પિતામહ મહાભારતના યુદ્ધમાં ઘાયલ થયા પછી બાણ શૈય્યાની પથારી પર સૂતા હતા. દરેક છિદ્રમાંથી લોહી ટપકતું હતું. આવી હૃદયદ્રાવક પીડા વચ્ચે પણ 'ૐ વિષ્ણવે નમઃ।' મંત્રનો જાપ સતત ચાલુ જ હતો.

વિપત્તિમાં પણ ભગવાનનું વિસ્મરણ થવું જ જોઈએ.

સુવિચાર

- ગુલાબનો કોઈ જવાબ નથી, ધંતૂરાનો કોઈને ખ્વાબ નથી - **વજુ કોટક**
- ભૂતકાળ શું છે? મરેલી યાદોનું કબ્રસ્તાન, ભવિષ્ય શું છે? ઈચ્છાઓનું અનંત આકાશ - **એસ. ભટ્ટાચાર્ય**
- વાત સાવ ટૂંકી ટચ છે, લાંગણીઓ લાંબી ટચ છે, સુખ અને દુઃખ બે છેડા જિંદગી વચ્ચોવચ્ચ છે - **ખલીલ ધનતેજવી**
- પ્રેમ અને વહેમ હોઈ જ ના શકે એકી સાથે, સ્નેહ અને સંદેહ રહી જ ના શકે સાથે - **ભીખુદાન ગઢવી**
- પ્રેમ એ માગવાની મજબૂરી નહીં, પણ અનરાધાર આપવાની અમીરાત છે - **ઓશો**
- શિખા + મણ, જે લોકો મણ જેવું જેટલું શિષ્યા હોય તે જ શિખામણ આપી શકે... તમારા મારા જેવા શિખાઉનું કામ નહીં - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : કેશૌર ગુગળની ૨-૨ ગોળી નિયમિત લેવાથી ખીલ મટે છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આજકાલ તો થોડા પૈસા માટે દેશવાસીઓ જ ફૂટી જાય છે અને દેશદ્રોહી પ્રવૃત્તિમાં પરોવાઈ પોતાના જ દેશના નિર્દોષ નાગરિકોના વિનાશનું કારણ બની જાતે 'ખૂટલ' ખૂની થઈ જાય છે.

અમેરિકાના મેક્સિકો પાસે એક ગામમાં તાંબાની એક મોટી ખાણ હતી. ખાણ અને ગામ વચ્ચે રેલગાડી આવતી - ઈન્જિન ડ્રાઈવરનું નામ જિસસ ગાસિયા.

રેલમાં - માલગાડીમાં ખાણ માટે સુરંગો અને દારૂગોળો ભરેલાં હતાં. ગાડી આવીને નાકાઝોરી ગામે ઊભી રહી. ડ્રાઈવર ચા-પાણી કરવા નીચે ઉતર્યો - વાતો એ વળગ્યો.

... ત્યાં એક પરિચિતે દોડતાં આવી જિસસને સમાચાર આપ્યા. તારી ટ્રેનમાંથી ધૂમાડા નીકળે છે. કોઈ વેગનમાં આગ લાગી છે.

જિસસ દોડ્યો. જો સૂરંગો ફૂટે તો ગામનો, સ્ટેશનનો નાશ થઈ જાય. દોડી ટ્રેન ચાલુ કરી. એકાંત જંગલ આવ્યું. સૂરંગો ફૂટી - મોટા ધડાકા થયા - પણ ગામ બચી ગયું. જિસસના અંગનું એકેય હાડકું ન મળ્યું.

કમોસમી વરસાદમાં નોરતાંની રંગત

ખડ સૂકયાં, ગોરસ વસૂકયાં, વહાલાં ગયાં વિદેશ;
અવસર ચૂકયો મેહુલા! અબ વરસી કાંઉ કરેશ?

આકાશમાં એકાએક ગોરંભાયેલ મેઘાડંબર સામે દુખિયારી ગ્રામીણ નારીના આ ઉપાલંભમાં પ્રગટ થતી પીડા કદાચ શહેરની ઝાકમઝોળ નવરાત્રીમાં ઊછળી ઊછલીને દાંડિયા ટકરાવતાં આજના યુવક-યુવતીઓને નહીં સમજાય. વરસાદ તો ધરતીના કણકણમાં સમાયેલો પરમનો પ્રસાદ છે. એ સમયસર ન આવે તો સમસ્ત સચરાચર સૃષ્ટિમાં સૂનકાર વ્યાપી જાય. ઘાસ સુકાઈ જાય એટલે ગાયોનાં અમિયલ દૂધ પણ સુકાય. ના છૂટકે અબોલ પશુધનને જિવાડવા પુરુષ વર્ગ ધણ લઈને પાણીવાળા મુલક ભણી પ્રયામ કરે. આટલું બધું થઈ ગયા પછી એકાએક આભમાં ગોરંભાઈને મેઘરાજા ગડગડાટ કરવા લાગે તો એને કોણ આવકારશે? જરુર હતી ત્યારે તો લાખ વિનવણી છતાં ન આવ્યા અને હવે પાછોતરા પધાર્યા છો તો અમારે શા ખપના? - આવી જ વેદના કદાચ હૂંશીલાં જુવાનિયાંને બરાબર તાકડે તાકડો સાધીને નોરતામાં જ સાંબેલાધારે વરસવા માંડેલા વરસાદને જોઈને થઈ હશે. એમણે સેવેલાં સપનાં પાણીમાં રગદોળતાં જોઈ ભારે હૈયે એક નિસાસો નીકળી જતો હશે કે ઘેલા મેલા, તને આવો તો નહોતો ધાર્યો બાપ! તને અમારા નોરતામાં જ વરસી પડવાનું સાને સૂઝ્યું? પરંતુ આ તો કુદરત છે? એને કોઈ કાન થોડા છે કે એ જુવાન હૈયાંની, અરે નવીનવી ચણિયાચોળી સીવડાવી ગરબે ગૂમવા માગતી માસૂમ બાલિકાઓની શિકાયત સંભળાય? એણે તો એનાવાળી જ કરી જ દીધી. લાખોનાં આધણ કરીને સજાવેલા પાર્ટી પ્લોટના શામિયાણાં ભીંજાઈ ગયાં, વાજિંત્રો મૂંગા થઈ ગયાં. પરંતુ કાળા માથાનો માનવી જેનું નામ. એ વળી કયારેય કુદરતને ગાંઠ્યો છે કે એકવીસમી સદીના ઓવારે ઊભો ઊભો ચૂપચાપ એનો તમાશો જોયા કરે? એક-બે દિવસ રાહ જોયા પછી એણે એની અપરિમેય પ્રતિકાર શક્તિનો પરચો દેખાડી જ દીધો. વરસતાં વરસાદમાં ખેલૈયા પલળતા પલળતા ઝૂમ્યા. મેક'પ રેલાઈ ન જાય એટલા સારું માનુનીઓએ છત્રીનો સહારો લીધો. પંખા અને છત્રીઓ લઈને નૃત્ય કરતી જાપાની સુંદરીની જેમ ગરવી ગુજરાતણોઓ વિશ્વના આ મહાનૃત્યના પર્વની જરા પડકારભરી ઉજવણી કરીને માણસમાં છુપાયેલી વિજિગીષા (જીવવાની વૃત્તિ) નો પરચો દેખાડી દીધો. કુદરત સીધી રહે ત્યાં લગી એને પાંચે આંગળીએ પૂજનારી આ માનવજાત સમય આવ્યે એની સામે ઝીંક પણ ઝીલી જાણે છે એની પ્રતીતિ કરાવતી આ નવરાત્રી અત્યાર સુધી ઊજવાયેલી અન્ય નવરાત્રીઓથી જુદી તરી આવે છે. આખરે આ શક્તિ ઉપાસનાનું પર્વ છે. શક્તિની આરાધનામાં સાક્ષાત્ ઈન્દ્ર પણ આડખીલીરૂપ બનતો હોય તો એને એની તાકાત બતાવી દેવાની તાકાત ગુજરાતની યુવાનીમાં

તંત્રીસ્થાનેથી...

અભરે ભરેલી છે. એમાંય આપણી કન્યાઓ તો શક્તિનો જ અવતાર. એ જયારે સોળ શણગાર સજીને ચાચર ચોકમાં ગરબે રમવા ઊતરે છે ત્યારે એમનામાં સૂતેલી અંબિકાનાં ત્રણેય સ્વરુપ : મહાલક્ષ્મી, મહા સરસ્વતી અને મહાકાળી જાગી ઊઠે છે. પછીએ પેલા આકાશી અટકચાળાને ગાંઠે ખરી?

શૈયામૂત્ર સરળતાથી નિવારી તેમજ મટાડી શકાય છે

હમણા એક માતા પોતાના છ વર્ષના બાળકને લઈને ક્લિનિક આવેલ. તકલીફ વિષે પુછતા માતાએ જણાવ્યું.. ''મારો દિકરો રાત્રે પથારીમાં પેશાબ કરી જાય છે. તેને ખબર જ નથી રહેતી અને લગભગ અઠવાડીયે ત્રણ-ચાર વખત આવુ થાય છે. ક્યાંક બહાર જઈએ ત્યારે કેવી તકલીફ થાય?'' દિકરાને શરમ આવતી હતી, તે નીચું માથુ કરી બેઠો હતો.

બાળક જ્યારે સમજણું થવા લાગે ત્યારે જો આવા પ્રકારની કોઈ કંડીશન ઉભી થાય તો તેની અસર બાળકની માનસિકતા પર પડે છે. તેનો આત્મવિશ્વાસ ઓછો થાય છે તેમજ તેનો સામાજિક વિકાસ પણ અટકે છે. બાળક બહાર જવાનું-મળવાનું ટાળે છે. આ સમસ્યા માં-બાપને પણ આટલી જ હેરાન કરે છે. જોવા જઈએ તો શૈયામૂત્ર એ એવી કોઈ સિરીયસ કંડીશન નથી પણ તે બાળક અને માં-બાપ બન્નેને ચિંતામાં મુકી દે છે.

શારંગધર સંહિતામાં શૈયામૂત્રનું વિવરણ કરતા કહ્યું છે કે વાયુ આદિ દોષોને કારણે બાળક દિવસે અથવા રાત્રે સુતા સુતા અજાણતામાં જ મૂત્રત્યાગ કરી દે છે. શૈયામૂત્રને મોડર્ન મેડિસીનની દ્રષ્ટિએ જોઈએ તો આધુનિક ચિકિત્સાપધ્ધતિમાં શૈયામૂત્રને એક રોગના બદલે એક અવસ્થા (કંડીશન) તરીકે જોવાયેલ છે. શૈયામૂત્ર પાછળ એકથી વધુ કારણો જવાબદાર છે જેમકે અમુક બાળકોની બ્લેડર (મૂત્રાશય) વધુ પડતી સેંસેટીવ હોય છે. બ્લેડરને કંટ્રોલ કરતા મસલ્સ (સ્નાયુઓ) પણ થોડા નબળા હોઈ શકે. એટલે બ્લેડર થોડી ભરાય કે તરત જ મૂત્રત્યાગ કરવા જવું પડે. જ્યારે બાળક ઉંઘમાં હોય ત્યારે પણ આવી જ પરિસ્થિતિ સર્જાય અને ઉંઘમાં ખ્યાલ ન રહેવાથી શૈયામૂત્ર થઈ જાય. આ ઉપરાંત સાંજના સમય દરમિયાન ખૂબ પાણી પીવાથી પણ શૈયામૂત્રની તકલીફ થઈ શકે. કેફીનયુક્ત દ્રવ્યો જેવાકે કોફી કે કોલાડ્રીંક્સ આદિથી આ તકલીફ વધી શકે. ક્યારેક હોર્મોનલ તકલીફ પણ હોય. વાસોપ્રેસીન નામનો હોર્મોન કે જે વ્યક્તિમાં મૂત્રના પ્રોડક્શનનું મેનેજમેંટ કરે છે તેનુ ઓછું પ્રમાણ પણ યુરીનનું પ્રોડક્શન અને આઉટપુટ વધારી દે જે શૈયામૂત્રમાં પરીણમી શકે. આ ઉપરાંત કોઈ પણ પ્રકારનો ભય, માનસિક અવસાદ, સ્ટ્રેસ કે ઈમોશનલ ટેંશન પણ ખૂબ અસરકર્તા છે. ક્યારેક કોઈ વ્યાધિની અસર પેટે પણ શૈયામૂત્ર થઈ શકે જેમકે ટાઈપ-૧ ડાયાબીટીસ, પથરી, યુરીનરી ટ્રેક ઈંફેક્શન આદિ.

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

ટુંકમાં, શૈયામૂત્ર સરળતાથી નિવારી તેમજ મટાડી શકાય તેવી ઘટના છે. આયુર્વેદમાં શૈયામૂત્રમાં લાભપ્રદ સાબિત થઈ શકે તેવા અમુક ઔષધો અને યોગો છે જેમકે વિષતિન્દુક વટી, સારસ્વતારિષ્ટ, અરવિંદાસવ આદિ. આ ઔષધો કરતા પણ વધુ અસરકારક ઈલાજ એટલે કાળજી તેમજ સમજણ. સૌપ્રથમ તો બાળકોને શૈયામૂત્રની બાબતમાં ટોક-ટોક ન કરવું કે ખીજાવું નહિં. આમ કરવાથી બાળક વધું ચિંતીત અને ક્ષોભીત થાય છે જેનાથી પ્રોબ્લેમ વધી શકે છે. (એક તો ઓલરેડી બાળક શૈયામૂત્રને લઈને ચિંતામાં હોય અને તેમા ઘરના લોકોનો સપોર્ટ ન મળે એટલે પ્રોબ્લેમ વધુ વકરે) બાળકને કોન્ફીડન્સ આપવો અને પ્રેમપૂર્વક સમજાવવું. સાજના સમયે પાણી ઓછું પીવડાવવું, રાત્રે સુતા પહેલા નિયમિત મૂત્રત્યાગ કરાવવો, ચા-કોફી-કોલા જેવા કેફીનયુક્ત પદાર્થો ન આપવા, જો કોઈ બિમારીને કારણે શૈયામૂત્રની તકલીફ હોય તો તે બિમારીને આનુષંગિક ઈલાજ કરાવવો. ઠંડા વાતાવરણમાં રાત્રે એકાદ-બે વખત બાળકને ઉઠાડી મૂત્રત્યાગ કરાવવો. આ બધી કાળજીથી અને સંભાળથી સમયાંતરે શૈયામૂત્ર ચોક્કસથી મટી શકે છે.

- contact@atharvaayu.com

ગાંધી, હમ તુમકો ભૂલ ગયે...!

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી દર મહિનાના પહેલા રવિવારે ગાંધીનગરમાં ઘ-૪ ખાતે એક પુસ્તક પરબ યોજવામાં આવે છે. ગાંધીનગરના વાચનરસિયા પુસ્તક પ્રેમીઓ આ અવસરનો ભરપૂર લાભ લે છે. અભ્યાસુ વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં આવે છે અને તેમના શૈક્ષણિક કાર્યમાં ઉપયોગી થાય તેવા પુસ્તકો ખોળીને લઈ જાય છે. નાના ભૂલકાંઓ વગર તો કોઈ પણ પ્રસંગ અધૂરાં જ કહેવાય ને? અહીં જાગરુક માતાપિતાની સાથે તેમના બાળકો પણ આવે છે. તેમને તો કાંઈ જૂનું ચંપક કે ટ્વિંકલ મળી જાય એટલે ભયો ભયો! સૌ કોઈને પોતાનું મનપસંદ પુસ્તક એકાદું તો મળી જ જાય. હજી સુધી કોઈને કાલી હાથે પાછાં જતાં મેં જોયા નથી. પુસ્તક પરબની આ સિદ્ધિ નથી તો શું છે?

આ મહિનાનો પહેલો રવિવાર ગાંધીજયંતીના દિવસે જ આવી ગયો. પરબના પુસ્તકો જેના હવાલામાં રહે છે તે અશોકભાઈ ઘણા દિવસથી ચિંતામાં હતા, કારણ કે કલાગુર્જરીના વહેલી સવારના સાડા છ વાગ્યે શરુ થનારા કાર્યક્રમમાં 'પીડ પરાઈ જાણે રે' માં તેમણે ભાગ લેવાનો હતો. એટલે પુસ્તકો કાર્યક્રમના સ્થળે લાવશે કોણ અને તે સમયે કોણ કોમ હાજર રહેશે, તેની એ બધાંને પૃછ્છા કરતા રહેતા હતા. સ્વાતિબેન, કિશોરભાઈ, પ્રજ્ઞાબેન બધાં એક પછી એક હાજર રહેવા તૈયાર થયા. મારી ઈચ્છા 'પીડ પરાઈ જાણે રે'કાર્યક્રમ માણવાની હતી, પણ રોહિણીએ મારું નામ એના નામ સાથે હાજર રહેવાની યાદીમાં જોડી દીધું. એટલે મારા માટે કોઈ વિકલ્પ રહ્યો નહીં.

અમે જયારે સાડા સાતના સુમારે ઘ-૪ પહોંચ્યા ત્યારે દિશાંત, રમેશભાઈ અને સ્વાતિબેન હાજર હતા અને અડધાં કરતાં વધારે પુસ્તકો ગોઠવાઈ ગયા હતા. અમે સર્કલમાં પ્રવેશ કરીએ તે પહેલાં મૂળજીભાઈ 'દધિ' આવી ગયા. થોડીકવારમાં કિશોરભાઈ અને પ્રજ્ઞાબેન આવી ગયા. અશોકભાઈની ચિંતાનું પૂરેપુરું નિવારણ આવી ગયું. આનંદના સૂર રેલાવાના બાકી હતા તે ચિપલૂણકર દાદા પણ વાંસળીના રંગ લઈને આવી ગયા. દશેક મિનિટમાં તો પુસ્તકમેળો રંગેચંગે શરુ થઈ ગયો, સુમધુર વાંસળીવાદન સાથે.

અમારા સેવાકાળના અધિકારી પ્રદ્યુમન એમ. આચાર્ય ખૂબ સારા હાસ્યલેખક છે એની ખબર તો મને કુમારમાં એમને લેખ વાંચ્યા પછી જ પડેલી. એકવાર સાહેબની રૂબરૂ મુલાકાત થઈ ત્યારે જાણવા મળ્યું કે એમણે તો બે-ત્રણ હાસ્યરસના પુસ્તકો લખ્યા છે. ગુર્જર અને રંગદ્વાર પ્રકાશને એ પ્રગટ કરેલા છે. હું એમના પુસ્તક ખરીદવા માંગતો હતો પણ મેળ પડતો ન હતો. આજે તેમના બે પુસ્તક 'હીંચકે બેઠાં' અને 'હાસ્ય કલરવ' મને પરબમાંથી મળી ગયા. મને તો જાણે કે લોટરી લાગી ગઈ. આ બંને પુસ્તકો હું વાંચી લઉં પછી આપને એનો રસાસ્વાદ જરુરથી કરાવીશ. અમારા આચાર્ય સાહેબ કેટલા કુશળ વહીવટ કરતા હતા તે તો તેમના હાથ નીચે કામગીરી કરનારા સર્વે જન જાણતા હશે. તેમનું અંતરમન કેટલું પ્રફુલ્લિત હતું તે આવા પુસ્તકોના વાચન પછી ખબર પડે છે.

ગાંધીજયંતીને થોડાક દિવસની વાર હતી ત્યારે ચિ. રોહિણીને એક તુક્કો સ્ફુર્યો. 'ગાંધીજંયતિના દિને પુસ્તક પરબમાં આવનારા મુલાકાતીઓને 'ગાંધીવિચાર' લખેલું એક એક કાર્ડ આપ્યું હોય તો કેવું લાગે?' મેં કહ્યું, 'બહું સારું લાગે.' એક બાજુ ગાંધીજીના વિચારો હવે વિસરાતા સૂર બનવા માંડયા છે. ભારતના દીનદુઃખીયાનો ઉદ્ધાર કરવાના બાપુના કાર્યક્રમો હવે અભરાઈને ચડાવી દેવાયા છે. રેટિયો ખબર નહીં કોણ કાંતતું હશે? ફેશન પૂરતી ખાદી હજી ટકી રહી છે એ એક નાનકડું આશ્વાસન છે. અસ્પૃશ્યતા-નિવારણના વિચારોનો તો માનગઢ અને ઉના જેવી ઘટનાઓ ધજાગરા ઉડાવે છે. કાવેરીના જળ માટે કર્ણાટક અને તામિલનાડુ એકબીજાના દુશ્મન બની બેઠાં છે. આવા કલુષિત પ્રદૂષિત વાતાવરણ વચ્ચે ગાંધી વિચારનું નાનકડું પતાકડું કરી કરીને શું કરી શકે? છતાં ઘણા બધાનો સહજ ઉદ્ગાર હતો કે 'આ કોન્સેપ્ટ બહુ સારો છે.'

મનના ઉમંગો
રણછોડ પરમાર

ગાંધીજી ધીરે ધીરે ભૂંસાતા જાય છે કે ભારે દુઃખદ હકીકત છે. વધારે દુઃખની વાત તો એ છે કે ગાંધીજીના હત્યારાઓને બિરદાવવાનું હવે શરુ થયું છે. ઉત્તર પ્રદેશના મેરઠ શહેરમાં ગોડસેનું મંદિર બન્યું હોવાના સમાચાર પ્રસારિત થયા છે. એ બધું તો ઠીક, આપણામાંથી પણ બીજી ઑક્ટોબર અને ત્રીસમી જાન્યુઆરી સિવાય ગાંધીજીને યાદ કરનારા કેટલા હશે? હિંદી કવિ 'ચંચળ' ને આ પરિસ્થિતિનો ઘણા લાંબા સમય પહેલાં અણસાર આવી ગયેલો. એ વગર આવું ગીત લખાય ખરું ?

ભૂલ ગએ !

ગીત તુમ્હારે ગાતે-ગાતે હમ તુમકો હી ભૂલ ગયે!
યાદ હમેં જયનાદ તુમ્હારા, પર હમ તુમકો ભૂલ ગયે!
શપથ તુમ્હારી ખાતે-ખાતે હમ તુમકો હી ભૂલ ગયે!
પૂજા કા પાષાણ બનાકર હમને તુમકો રખ છોડી,
મંદિર મેં અગણિત પત્થર થે, એક અધિક ઉનમેં જોડા;
મંદિર મેં ઠરરાયા તુમકો, હમ પાપોં મેં ઝૂલ ગયે.
સાથ તુમ્હારે સત્ય-અહિંસા કે દો જીવન-મૂલ ગે,
ગીત તુમ્હારે ગાતે-ગાતે હમ તુમકો હી ભૂલ ગયે.

- 'અંચળ'

મા શક્તિની ઉપાસના શુદ્ધ અંતઃકરણથી કરી મા જગદંબાના આશિષ મેળવો

જગ જનની જગદંબા,
શરણમાં સ્વીકારો!
કાલોઘેલો છતાંયે
બાળક હું તારો!
પ્રગટાવો જ્ઞાન-જ્યોત,
ઉરના અંધારે!
જોડી યુગલ – કર હું,
દૂર કરો માતા મુજ અંતર – વિકારો!....જગ.....

આસો માસની શારદીય નવરાત્રી..... નવલા નોરતાના દિવસો..... શક્તિપૂજનના દિવસો..... શાસ્ત્રોમાં કહેવાયું છે ''નવશક્તિ સમાયુક્તામ નવરાત્રમ તદુસ્યતે'' અર્થાત નવશક્તિઓથી યુક્ત હોવાને કારણે નવરાત્ર કહેવાય છે. લગાતાર નવ દિવસ સુધી ચાલનારા શક્તિવંદનાના દિવ્ય પર્વના અવસરે સાત્વિક જનો મંત્ર – જાપ – કીર્તન – ધ્યાન ધરશે. રાજસીજનો ઠાઠમાઠથી ઉત્સવઘેલા થશે. ને તામસી જનો તંત્રમાર્ગે બલિ – હોમ – હવન કરી આનંદ લેશે.

નવરાત્રિ આવે ને 'ગરબા' યાદ આવે. ગરબો ગુજરાતની આગવી ઓળખ છે. ગરવી ગુજરાત એના ગરબાથી જગ પ્રસિદ્ધ છે. સહજપણે ગરબો એટલે..... ગ – ગાવું, ર – એટલે રમવું, બા – એટલે માની સ્તુતિ..... આવું પ્રાકૃત જનો સમજે છે, તો કેટલાક 'ગર્ભદીપ' માંથી 'દીપ' અદ્રશ્ય થયો ને 'ગર્ભ' નું અપભ્રંશ થઈ આજનો 'ગરબો' શબ્દ પ્રચલિત બન્યો. આપણે ત્યાં માટીના ઘડાને કોરવામાં આવે છે. નાના નાના છિદ્રો પાડવામાં આવે છે. કુમકુમ અક્ષત, પુષ્પો ને સ્વસ્તિકથી શણગારાય.... તેમાં દીવડો પેટાવી શુભ મુહુર્તે સ્થાપન કરાય ને પછી નવ દિવસ અનન્ય ભક્તિભાવથી મા જગદંબાની આરાધના કરાય.... તાત્વિક દ્રષ્ટીએ વિચારીએ તો ગરબો દેહનું પ્રતિક છે. માટી જેવા પંચમહાભૂતમાંથી માનવ દેહ ઘડાયો છે. ગરબો પણ માટીમાંથી બનાવાય છે. શરીરમાં છિદ્રો છે. ગરબામાં છિદ્રો પડાય છે. ગરબામાં દીવડો પેટાવી કુમકુમ, અક્ષત, પુષ્પો, ને સાથિયા વડે પૂજન અર્ચન છે. તેમ માનવદેહમાં આત્મજ્યોત જલે છે ત્યાં સુધી શ્રુંગાર આદિ થાય છે. ગરબાને સંભાળીને સાવચેતી પૂર્વક આરાધનામાં ઘૂમાવાય છે. ગરબામાં આપણા તાલ, લય અને સૂર સાથે શક્તિની સાથે તન્મયતા સાધવાની છે. આમ ગરબો એટલે શક્તિ અને પ્રકાશનો દ્યોતક....

પેલી પૌરાણિક કથા સૌ કોઈ જાણે છે. મહિસાસુર નામે અતિ પ્રભાવી રાક્ષસે કાળો કેર વર્તાવ્યો. દેવો અને મનુષ્યો ત્રાહિમામ પોકારી ઉઠ્યા. દેવીજનો ભયગ્રસ્ત બન્યા. હિંમત હારી ગયેલા દેવોએ બ્રહ્મા – વિષ્ણુ અને મહેશની આરાધના કરી. દેવોની પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા આદ્ય દેવો મહિસાસુર પર ક્રોધે ભરાયા. તેમના પુણ્યપ્રકોપથી એક દેવી શક્તિ પ્રગટ થઈ. બધા દેવોએ જયજયકાર કરી વધાવી તેનું પૂજન અર્ચન કર્યું. તેને પોતાના આયુધોથી મંડિત કરી આ દેવી શક્તિએ નવ દિવસ અવિરત યુદ્ધ કરી મહિસાસુરને હણ્યો. આસુરી વૃત્તિને હણી દૈવી સંપત્તિની પુનઃ સ્થાપના કરી. દેવોને અભય આપ્યું. આ દૈવી શક્તિ તે જ આપણી જગદંબા..... આ શક્તિ ઉપાસનાના પર્વે મા જગદંબા પાસે સામર્થ્ય માંગવાનું તેમજ આસુરી વૃત્તિમાંથી મુક્તિ મેળવવા મથવાનું.....

દોસ્તો, આપણી એક ભ્રાંત સમજણ છે કે અસુર એટલે મોટા દાંત વાળો, મોટા નખવાળો, મોટી આંખોવાળો ભયંકર રાક્ષસ. વાસ્તવમાં તો 'અસુર' એટલે અસુષુ રમન્તે ઇતિ અસુરાઃ' પ્રાણોમાં – ભોગોમાં રમમાણ થનારો ને મહિષ એટલે 'પાડો' પાડાની વૃત્તિ રાખનારો અસુર એટલે મહિસાસુર. પાડો હંમેશા પોતાનું જ સુખ જોતો હોય. સમાજમાં આજે આ પાડા વૃત્તિ વ્યાપકપણે ફૂલીફાલી જોવા મળે છે. જેને કારણે માનવ સમાજ સ્વાર્થી, પ્રેમવિહીન અને ભાવનાશૂન્ય બન્યો છે. આજે વ્યક્તિવાદ અને સ્વર્થાંધતાએ માઝા મૂકી છે. આ મહિસસુરને નાથવા મા પાસે શક્તિ સામર્થ્ય માંગવાના દિવસો એટલે નવરાત્રિ મહોત્સવ....!

લાગણીનો મેળો
રસિક વાળંદ

આદિ – અનાદિ કાળથી સદવિચારો ઉપર – દૈવી વિચારો ઉપર આસુરી બળો હુમલો કરતાં આવ્યા છે. દૈવી વિચાર ગૂંગળાવા લાગે ત્યારે એમાંથી બહાર નીકળવા એકમેવ મા જગદંબાનું શરણ જ કારગત નીવડે..

આજે વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં નજર કરતાં કેટલાક રાષ્ટ્રો સમૃદ્ધ અને સંપન્ન જોવા મળે છે એની પાછળ કોઈ પ્રભાવી જીવંત અને શક્તિવર્ધક વિચારો જ કારણભૂત હશે. આપણે સૌ આળસ ખંખેરી ક્ષણિક પ્રમાદને આઘો કરી એકઠા મળી પુનઃ શક્તિ ઉપાસના કરવી જોઈએ.

નવરાત્રિમાં દૈવી ભ્રાતૃભાવ જગાડીએ. દૈવી વિચારોવાળા લોકોનું એક સંગઠન ઉભું કરીએ એ સંગઠનના પ્રમુખ સ્થાને મા જગદંબા હોય અને એની ભક્તિથી જ આપણામાં શક્તિ પ્રગટશે..... આવો ગર્ભિત સંકેત નવરાત્રિ પર્વ આપે છે. મા ને કેન્દ્રસ્થાને રાખી ગરબે ઘૂમવાનો આનંદ તો કઈક ઓર હોય છે. માની આસપાસ ઘૂમતા ઘૂમતા મા પાસે માંગીએ કે 'હે મા! તું અમને સદબુદ્ધિ આપ, અમને સંઘબળ આપ, અમારા વિકાસને આડે આવતા અહંકાર – દ્વેષને અમારી પાડાવૃત્તિને તું ખાઈ જા.'

દોસ્તો, માત્ર નવ દા'ડા મન મૂકી ગરબે ઘૂમી માના સ્થાનકે ગરબો વળાવી આવ્યા એટલે પત્યું..... એવું ન માનશો. આપણે શક્તિઉપાસના તો પ્રતિક્ષણ ચાલુ રહે તો જ જડવાદમાં ટકવાની શક્તિ ને સામર્થ્ય પ્રાપ્ત થશે. આખરે તો શક્તિ સંપન્ન થઈ જીવન માના ચરણે ધરીએ. શક્તિ ઉપાસનાની સાથે eat, drink and be merry – ખાઓ પીઓ અને મજા કરો'ની પાડાવૃત્તિ પર વિજય મેળવીએ. ટૂંકમાં નવરાત્રિ એટલે સંઘશક્તિનો મહિમા, ભક્તિભાવના ને તપશ્ચર્યાનો મહિમા તેમજ એકતાનો સંદેશ રેલાવતું અનોખું પાવન પર્વ મારે મન તો એક જ્ઞાનસત્ર જ છે.

મા શક્તિની ઉપાસના શુદ્ધ અંતઃકરણથી કરી મા જગદંબાના આશિષ મેળવો તેવી શુભકામના.... જય માતાજી.

- Rasikvaland1965@gmail.com